ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૭૫/૨૦-૨૧/ 485 તારીખ : 0 8 FEB 2021

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી શંકરીયા મહાદેવભાઈ કુંવરજીભાઈ,**
મું.બલદાણા,
તા.વઢવાણ,
**જી.સુરેન્દ્રનગર.**
**મો.નં. ૯૯૧૩૫ ૯૫૭૫૫**

કેસ નં.૭૫/૨૦-૨૧

**વિષય : નવું ખેતીવાડી વિજ કનેકશન ન મળવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૦૧/૦૧/૨૦૨૧ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૦૬/૦૧/૨૦૨૧.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૫/૨૦-૨૧/૧૦૯ તા.૦૭/૦૧/૨૦૨૧.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૫/૨૦-૨૧/૨૦૫ તા.૧૬/૦૧/૨૦૨૧.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૮/૦૧/૨૦૨૧** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **લીંબડી.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, ગ્રામ્યપેટા વિભાગીય કચેરી, **લીંબડી.**

Consumer Grievances Redressal Forum P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

**કેઈસ નંબર – ૭૫/૨૦–૨૧**

વાદી :– **શ્રી શંકરીયા મહાદેવભાઈ કુંવરજીભાઈ**

◈ વિરૂધ્ધ ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખ:– તા.૨૮/૦૧/૨૦૨૧** ◈

હાજર રહયા :– **શ્રી શંકરીયા સુનિલ મહાદેવભાઈ – (વાદી ના પુત્ર)**

પ્રતિવાદી :– **શ્રી એમ.આર.ધામેચા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, લીંબડી.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી શંકરીયા મહાદેવભાઈ કુંવરજીભાઈ, મું.બલદાણા, તા.વઢવાણ, જી.સુરેન્દ્રનગર ની નવું ખેતીવાડી વિજ કનેકશન ન મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૭૫/૨૦–૨૧ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૪/૨૦–૨૧/૧૦૯ તા.૦૭/૦૧/૨૦૨૧ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૨૮/૦૧/૨૦૨૧** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી શંકરીયા મહાદેવભાઈ કુંવરજીભાઈ વતી તેમના પુત્ર શ્રી શંકરીયા સુનિલ મહાદેવભાઈ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એમ.આર.ધામેચા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, લીંબડી ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ ઉપરોક્ત વિષય અનુસંધાને જણાવવાનું કે, અમો તા.૧૧/૦૭/૨૦૧૯ ના રોજ ખેતીવાડી વિષયક નવું જોડાણ ની માંગણી કરેલ છે.

૧.૨ અમોએ રૂબરૂ તપાસ કરતાં, ત્યાંના કર્મચારી દ્વારા અમોને કહેવામાં આવ્યું કે, તમો એગ્રીમેન્ટ ના નાણાં ન ભરવાના કારણે આપનું કનેકશન રદ થઈ શકે છે, અમોને એગ્રીમેન્ટ નો કાગળ જ મળેલ નથી તો, અમો કેવી રીતે એગ્રીમેન્ટ ભરી શકીએ અને અમોની જાણ બહાર જ અમારી અરજી રદ કરી નાંખેલ છે.

૧.૩ અમોને ફરીથી અરજી કરવા જણાવેલ છે, તો આ સાથે માંગણી કરેલ વિજ કનેકશન ની રસીદ સામેલ છે તો, ઘટતું કરી આજ પહોંચ ઉપર કનેકશન મળે તેવી વ્યવસ્થા કરી આપવા વિનંતી.

☞ <u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર શંકરીયા મહાદેવભાઈ કુંવરજીભાઈ એ ગામ–બલદાણા, તા.વઢવાણ માં તા.૧૧/૭/૨૦૧૯ ના રોજ નવા ખેતી વિષયક વિજ કનેકશન માટે અરજી નોંધણી કરાવેલ. જે અનુસંધાને પ્રતિવાદીની કચેરીએ અંદાજપત્ર નં–૧૦૭૪૮ તા.૧૦/૧૧/૨૦૨૦ ના રોજ કાઢેલ.પરંતુ, પ્રતિવાદીની પેટા વિભાગીય કચેરીએ ટપાલ દ્વારા અંદાજપત્ર મોકલાવેલ નહી. જેથી, વાદી તે અંદાજપત્ર ભરી શકેલ નહી.

૩.૨ પ્રતિવાદીને હુકમ કરવામાં આવે છે કે, વાદીએ માંગેલ ખેતી વિષયક નું અંદાજપત્ર દિવસ–૧૦ માં રજી.પોસ્ટ થી મોકલવું. જે ભરપાઈ થયેથી, નિયમ મુજબ આગળ ની કાર્યવાહી કરવી.

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

☞ <u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર શંકરીયા મહાદેવભાઈ કુંવરજીભાઈ એ ગામ–બલદાણા, તા.વઢવાણ માં તા.૧૧/૭/૨૦૧૯ ના રોજ નવા ખેતી વિષયક વિજ કનેકશન માટે અરજી નોંધણી કરાવેલ. જે અનુસંધાને પ્રતિવાદીની કચેરીએ અંદાજપત્ર નં–૧૦૭૪૮ તા.૧૦/૧૧/૨૦૨૦ ના રોજ કાઢેલ.પરંતુ, પ્રતિવાદીની પેટા વિભાગીય કચેરીએ ટપાલ દ્વારા અંદાજપત્ર મોકલાવેલ નહી. જેથી, વાદી તે અંદાજપત્ર ભરી શકેલ નહી.

૩.૨ પ્રતિવાદીને હુકમ કરવામાં આવે છે કે, વાદીએ માંગેલ ખેતી વિષયક નું અંદાજપત્ર દિવસ–૧૦ માં રજી.પોસ્ટ થી મોકલવું. જે ભરપાઈ થયેથી, નિયમ મુજબ આગળ ની કાર્યવાહી કરવી.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

-:: હુકમ ::-

- વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં." ૩.૨ " મુજબ હુકમ કરવામાં આવે છે.

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મેહતા)
સ્વતંત્ર સભ્યશ્રી

(પી.એન.આજકીયા)
ટેકનીકલ સભ્યશ્રી

(એમ. આર.વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :– ૨૮/૦૧/૨૦૨૧.

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.
Consumer